# કોરૂગેટેડ બોક્સ ઉત્પાદકોના અસ્તિત્વ સામે જોખમ

ક્રાફ્ટ પેપર મિલ્સ અને મોટા વપરાશકારો વચ્ચે ફસાયેલી કોરૂગેટેડ પેકેજિંગ ઈન્ડસ્ટ્રી ફરી કપરી સ્થિતિનો સામનો કરી રહી છે. આ ઈન્ડસ્ટ્રીના મુખ્ય કાચો માલ ક્રાફ્ટ પેપરના ભાવમાં તાજેતરમાં અનેક વખત, અસાધારણ ભાવવધારો થયો છે. આથી કોરૂગેટેડ પેકેજિંગના ઉત્પાદન ખર્ચમાં આશરે ૨૫ ટકાનો વધારો થયો છે. આગામી સપ્તાહોમાં પેપર મિલો ભાવમાં વધુ વધારો કરવાની યોજના બનાવી રહી છે.

આ સ્થિતિ વધુ કપરી બનાવતા હોય તેમ આ ઉદ્યોગના બીજા તમામ કાચા માલના ભાવમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. સ્ટાર્ચના ભાવ છેલ્લા એક વર્ષમાં બમણા થયા છે. સ્ટિચિંગ વાયરના ભાવ ખાસ કરીને સ્ટીલના ખર્ચમાં વધારાને કારણે આશરે ૪૦ ટકા વધ્યા છે. મજૂરીના ખર્ચમાં પણ મોટો વધારો થયો છે.